# श्रीब्रह्म विरचित उपदेशकुशलकुलक

**सं. सा. दीप्तिप्रज्ञाश्री**

धर्मनो उपदेश केवा पात्रने आपवो अने कोने न आपवो ते विषयनुं प्रतिपादन करनारी आ लघु रचना गुजराती भाषामां चोपईनी ढाळमां श्रीब्रह्मनामना कविए रचेली छे. अयोग्य आत्माने हितकारक उपदेश आपवानां केवां परिणाम आवे अने ते केवो निष्फल जाय ते वात समजाववा माटे पहेली १४ कडीमां लौकिक दृष्टान्तो तथा १५ थी २७ कडीओमां जैन शास्त्रीय दृष्टान्तो समजाव्यां छे, तथा तेवा जीवोने भारेकर्मी कह्या छे. २८मी गाथामां हलुकर्मी जीवोनां नामो छे, अने २९मी गाथामां पर्षदानी परख करीने धर्म-कथन करवा योग्य छे एवुं सूचन आचारांगसूत्र-नन्दीसूत्र जेवां आगमोना हवाला साथे जणाव्युं छे.

उपदेशकुशलकुलकनी आ प्रत ला.द. विद्यामन्दिरना ग्रन्थागारमां ला.द.भे.सू. १४६६३ ए क्रमांके नोंधायेली छे. त्यांना संचालकोए २ पानांनी आ प्रतनो उपयोग करवा दीधो ते बदल तेमनो आभार मानुं छुं.

प्रतनुं मूळ लखाण पूरुं थयुं पछी एक गुजराती सुभाषित रूपे चोपई छे, ते यथावत् अत्रे आपवामां आवी छे. परन्तु ते पछी बीजा पत्रनी B. साईडमां, लेखके स्वहस्ते एक ऐतिहासिक गणाय तेवी पोताना जीवनमां बनेली घटनानुं संक्षिप्त वर्णन गुजरातीमां ज आलेख्युं छे, ते पण परिशिष्टरूपे ज आ साथे मूकेल छे. कुलकनी नकल ऊतार्या पछी आगळनुं लखाण जोईने 'शुं हशे' तेवा कुतूहलथी ते उकेलवानी महेनत करतां आ ऐतिहासिक वात सांपडी छे.

ए लखाण तथा कुलकना लखाणना अक्षरो एक सरखा छे, तेथी आ प्रति सं. १६८२मां लखाई हशे तेम लाग्युं छे. कुलकना कर्ता श्रीब्रह्म नामना साधुमहाराज छे, अने प्रतना लेखक लाल.... एवा नामना छे. ते लेखकनुं नाम त्रुटी गयुं होवाथी उकेली शकातुं नथी.

हवे पेली ऐतिहासिक वात अंगे- सं. १६८२ना फागण वदि ६ने

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बुधवारे राते (नशा-निशा) घडी ५ तथा ६ नी वच्चे गुजरात देशमां धरतीकंप थयो हतो, अने प्रतना लेखके तेनो स्वानुभव कर्यो हतो तेनुं संक्षेपमां पण सुस्पष्ट वर्णन तेमणे लख्युं छे. ते समये पोते अहमदाबाद नगरमां बीबीपुर (सरसपुर)मां धातरीवाडानी पोळमां बेठा हता, अने 'शील रास' नो स्वाध्याय करता हता अने श्रावक साह महावजी तेनुं श्रवण करता उपाश्रयमां ज बेठा हता, ते समये अचानक धरती हाली, ते पळे तेमणे केवी कल्पनाओ करी तेनुं सरस वर्णन कर्युं छे.

प्रथम तो तेमने भ्रम थयो के कोईक जाणी करीने हलावे छे. पछी थोडीवारे लाग्युं के कोई देवता उत्पात करी रह्या छे. त्यां तो घर घरना लोको बहार आव्या अने 'अमारां घर पडे'नां बूमराण मची गयां, त्यारे ख्याल आव्यो के आ तो धरतीकंप हशे.परन्तु तेओ तेने 'देवचरित्र' ना नामथी ज ओळखावे छे.

छेवटे तेओ नोंधे छे के (अमदावादनी जेम) पाटणमां पण घणा घर पडी गया, केटलाक माणसो पण मृत्यु पाम्या, अने नर्मदा (रेवा) नदीना पाणीमां सर्पोनो उपद्रव पण थयो. (धरतीकंपने लीधे भूमिगत तथा पाणीगत सर्पो व्याकुल थईने नदीना जळमां फसाया होय ते संभवित छे.)

आमां शीलरासना कडवानो उल्लेख छे, ते पार्श्वचन्द्रगच्छीय विजयदेवसूरिए रचेला शीलरासना पहेला कडवानी १०मी कडी छे, ते पण तपास करतां जाणवा मळ्युं छे.

आशा छे के आ लखाण इतिहासरसिको माटे उपयोगी नीवडशे. आ प्रतनुं सम्पादन करवामां गुंच आवी त्यारे ते उकेलवामां श्रीचेतनभाई भोजके मदद करी छे तेनो ऋणस्वीकार करुं छुं.

आ उपदेशकुशलकुलकना कर्ता विशे जैन गूर्जर कविओ-भाग १ (पृ. ३२१-२२)मां नोंधायेली विगत प्रमाणे ब्रह्ममुनि पार्श्वचन्द्रगच्छना साधु हता, पछीथी तेओ आचार्य विनयदेवसूरि तरीके ओळखाया, अने तेमणे सुधर्मगच्छनी स्थापना करी हती. तेमनो सत्तासमय सं. १५६८ थी १६४६ छे. तेमनी विविध रचनाओ विषे ते सन्दर्भमां नोंध छे, जेमां आ रचना विषे नोंध

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जोवा मळती नथी. गुजराती साहित्य कोश (मध्यकाल) पृ. २७०मां पण तेमना विषेना अधिकरणमां आ रचनानी नोंध नथी. अलबत्त, तेमां आ प्रमाणे नोंध छे : "उपरांत तेमनां केटलांक स्तवनो, सज्झायो, कुलको अने प्रासंगिक काव्यो पण मळे छे."

## उपदेस कुशल कुलक

वरसइ पुक्खरावरं तसु मेहा ।
तव पृथिवी भेदाइ नीरि ।
पुण इक मगसेल्यउ न भेदाइं
अति नान्हउ अनइ कठिन सरीरि ॥१॥

तिम गुरु वचनइं किमइ न भेदइ ।
जे हुइ प्राणी भारीकर्म ।
घूंक शोक जउ अति घण कीजइ ।
तउ नवि बूझइ साचउ मर्म ।२। आकणी ॥

बावन चंदन गंध तजीनइं
कसमल ऊपरि माखी जाइ
परिमल कमल तणु छंडीनइं ।
डेडकडूं नित कादव खाइ ।३। तिम गुरु व. ।

कालइं कांबलि गलीयलि कापडि ।
चोलतणु नवि बइसइ रंग ।
वायसवान न थाइ धुलउ ।
जउ नितु डोहइ यमुना गंग ।३(४)। तिम नि. ।

चीगटइ कुंभइं जल नवि भेदइ ।
न रहइ काणइ भाजनि नीर ।
रवि देखी घूअड हुइ अंधउ ।
पान न लइ वसंति करीर ।५। तिम गु.वि. ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मूंग कांगडू कणमाहि जेहवउ ।
पाणी अगनि न छीपइ अंस ।
जल केलव्या न थाइ तंदुल ।
बग सीखव्यउ न होवइ हंस ।६। तिम गुरु. ।

मृगमद अगर कपुरइं वास्यु
लसण न पांमइ रूडउ ग(गं)ध ।
सूरि जस सिहर दीवा योतिइ ।
किमही नवि देखइ जाचंध ।७। तिम गुरु. ।

ऊग्यु चंद चोरनइं गमइ ।
मेहिइं जवासउ सूकी जाइ ।
खीर खंड घृत मीठउं भोजन ।
पेटि कूतिरा नइ न संमाइ ।८। तिम गुरु. ।

मीठी द्राख न वायस चाखइ ।
श्वांनन पूंछडी समी न थाइ ।
आंबानूं वन करहउ न चरइ ।
अन्याइनइं न गमइ न्याय ।९। तिम गुरु व. ।

खाइ नर सनेपातियउ साकरा ।
पापीनइ धरमी न सुहाइ ।
रुचइ नही पापउ मधुकरनइं
घुण नितु सुकउ लाकड खाइ ।१०।तिम गुरु. ।

गाम समीपि नदी सूंकी निइ
रासभ राखइ घरडसू अंग
कुलवंती कामनी तजीनइं
नीच करइ पर रमणी संग ।११।तिम गुरु व. ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नल फीटी सेलडी न होवइ
ईख तणइं जउ वाधइ संगि
दूध गुलइं जउ लीब सीचाइ
तउ मीठउ न वि थाइ प्रसंगि ।१२। तिम गुरु व. ।

खीर सर पमुखि न हुवइ अमृत
काच कमायउ रतन न होइ
खारउ न टलइ समुद्र नदीयइ
मोटइ वडि फल नीरस जोइ ।१३। तिम गु. ।

माथइ मणि निलु वहइ भुयंगम
तउ हइ ते नवि निरविष हुंति
राम तणी सेवा करइ हणमंत
लंगोटी अधिकुउं न लहंति ।१४। तिम गुरु. ।

इम लोकिक संबंध विचारी
लोकोत्तरनी सुणजो वात
चित्रइं ब्रह्मदत्त समजाव्यउ
विरति तणी नवि आणी धात ।१५।। तिम गुरु. ।

महावीरनउ सीस जमाली
तिहनइ नवि लागउ उपदेस ।
कालगसूरिउ कपिला दासी
गोसालउ पामस्यइ क्लेश ।१६। तिम गुरु. ।

विष्णुकुमरना वचन सुणीनइं
नमुचि न मानी कांइ सीख
मारणहार उदायी नृपनु
बार वरस लगि पालइ दीख ।१७। तिम गुरु. ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सीस पंचसय केरउ नायक
अंगारमरदक नामि सूरि
श्रावकि परख्यउ अभव्य दया विणु
निरगुण जाणी कीधउ दूरि ।१८। तिम गुरु. ।

महाशतक श्रावकनी घरणी
नामि रेवती निरगुण नारि ।
परदेशी घरि सूरीकंता
कर्यउ कंतनइं विष संचार ।१९। तिम गुरु. ।

संवेगी सावद्याचारिज
सूत्र विरुध तिणि कह्यउ विचार ।
नागिल बंधवि बहु समजावीउ
सुमतिइं कुगुरु न त्यज़्या लगार ।२०। तिम गुरु. ।

सीलसनाह रिषिइं प्रतिबोधी
रुषीयिं नवि काढ्यउ साल ।
वरस पंचास तपइ तप लखणा
तसु फल न थयउं एकइ वाल ।२१। तिम गुरु. ।

ईसरनइ मनि धरम न भेद्यउ
रजा महासतीनई थ्यउ रोग ।
फासूजलथी काया विसणइ
ईम भामइ घाल्यउ बहुलोग ।२२। तिम गुरु. ।

पालक कुमरि नेमि जइ वंद्या
कंडरीकइं पाल्यउं चारित्र
कृष्ण साथि कीयउं वीरइ वंदण
फलइं फेर अति थयउ विचित्र ।२३। तिम गुरु. ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

संगति एहनइं हूती रूडी
पुण नवि प्रीछउ सार विचार ।
कर्म निकाचित जेहनइ पोतइ
ते प्रतिबोध न लहइ लगार ।२४। तिम गु. ।

दृष्टिरागि नर जे हुइ रातउ
जे हुइ द्वेषी अति घणघोर
मूढ वचन परमारथ न लहइ
विग्रहइ पाड्यउ वेदइ कठोर ।२५। तिम गुरु. ।

ए चिहुनिइं धरम कहिवा बिसइ
ते नवि जाणइ आगम रीति ।
कूकर वदनि कपूर जि घालइ
ते डाहपणूं न धरइ चींति ।२६। तिम गुरु. ।

लोहवणिक जिम करइ कदाग्रह
सूत्र न साचूं प्रीछइ जेह ।
लोक प्रवाहइं मूंड मेलावइ
राचइ धर्म न जाणइ तेह ।२७। तिम. ।

भारीकर्म घणानीं ए परिं
हलूकर्मी प्रीछइ ततकाल ।
संनुतकुमार चिलाती नंदन
थावच्चासुत गयसुकुमाल ।२८। तिम गुरु व. ।

परिषद पुरुष जोइनइं कहिवउ ।
धर्म कह्यउ इम आचारंगि
नंदीसूत्रि ए साखि सकारी ।
**श्रीब्रह्म** कहइ जोड्यो मनरंगि ।२९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति उपदेश कुशल कुलं (कुलकं) समाप्तं । श्रीरस्तु कल्यांणमस्तु लेखकपाठकयोः ॥

काल दकालि जे नर सती, भरयौवन वय जे नर यती
अल्प आहारमां जे द्यइ ग्रास, कहि कृष्णजी तेह घरि मोरु वास ॥१॥

## उपदेशकुशलकुलकनुं परिशिष्ट
## एक ऐतिहासिक प्रसंगनी नोंध

संवत १६८२ वर्षे फागुण वदि ६ बुधे । जंबूदीपे भरतखंडे । गुजरदेशे । फागुण वदि ६ नशा घडी ५ तथा ६ निः माझनि भूमिकंप हूउ धरती हाली तेहनु कालमान घटिका १ प्रमा आश्रिइ अहमदावादि श्री नगरि विचि बीबीपुर मध्ये । बठां । उत्तरदिशि सन्मुख उष्णि धातरीवाडानी पोलि माहिं बिठा तिकां शीलनु रास ते भणतां उआश्रजिनु श्रावक महावजी साहा सांभलता हूता "पणि वनि चीत्तनी चोरणहार । काम कटक माहि नायका नारि ।" ए कडवु भणीइ छइ एत पूठि घरनी छापरु हालुं मन माहि भ्राति उपनी जेए कुण हलावइ छइ । पूठिवाली जोडं को दीठू नही पछि बिठा हूता जे उष्णइ ते हालु एहवु जे जाणू विहिसीनि पडसि मनसूं विगर थया एतलि तु घरनी भीति हाली तिह्मारि जांणूउ जे काइं उतपात काई देवतानुं प्राकम शास्त्र न्याइ निरधारूं एतलइ तु घर घर प्रति डूहालु थयु लोक घर बाहरि नीकला सहू इंमज कहि जे अह्मारूं घर पडइ छइ पडइ छइ । घर उपरि नलीआ हालां एहवूं देवचरित्र हूउ । पाटणमा पणि घर घणा पड्या । माणसनी पणि केतलाएकनी उपघात थई । रेवा नदी माहि तु पाणीमा शाप उपना सांभल्या लखितं लाल०साध से (लालचंद साधसेवक ?) ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# शब्दार्थ

| कडी | | |
|---|---|---|
| १. | पुक्खरावर | पुष्करावर्त्त-ते नामनो एक मेघ |
| | मगसेल्य | मगशेलियो पत्थर-मुद्गशैल |
| २. | घूंक | |
| ३. | कसमल | कश्मल-गंदकी |
| | डेडकडूं | देडको |
| ४. | डोहइ | धूओ |
| ७. | जाचंध | जात्यन्ध-जन्मान्ध |
| ९. | करहउ | ऊंट |
| १०. | चापउ | चंपो |
| १६. | कालगसूरिउ | कालसौकरिक नामनो कसाई |
| २२. | फासू | अचित्त, निर्दोष-प्रासुक |
| | भामइ | भ्रममां |

C/o. देवी कमल स्वाध्याय मन्दिर
ओपेरा, नवा विकासगृह,
अमदावाद-३८०००७

❋ ❋ ❋

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org